## તંત્રી સ્થાનેથી......

મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી તા.૫ મી ડિસેમ્બર-૨૦ ના શનિવારે સુરત જિલ્લાના ઉમરપાડા ખાતે રૂા.૭૧૧ કરોડના ખર્ચે તાપી-કરજણ લિંક પાઈપલાઈન ઉદ્દવહન સિંચાઈ યોજનાનું ખાતમુહૂર્ત કરશે. આ યોજના પુર્ણ થયેથી અંદાજીત ૫૩૭૦૦ એકર જમીનમાં સિંચાઈનો લાભ મળશે. મુખ્યમંત્રીશ્રીના કાર્યક્રમને અનુલક્ષીને તડામાર તૈયારીઓ થઈ રહી છે. આદિજાતિ વિભાગના મંત્રીશ્રી ગણપતસિંહ વસાવા તથા સાંસદશ્રી પ્રભુ વસાવાએ ઉમરપાડા ખાતે અધિકારીઓ સાથે બેઠક કરી, તૈયારીઓ સંદર્ભે માહિતી મેળવી હતી. કલેકટર ડો.ધવલ પટેલને કાર્યક્રમ સ્થળનું નિરીક્ષણ કરીને જરૂરી સુચનાઓ આપી હતી. રાજયના બહુધા આદિવાસી ગ્રામ્ય વિસ્તારના ગામોને સિંચાઈની સુવિધા પહોંચાડવા માટે રાજય સરકાર સતત પ્રયત્નશીલ રહી છે. તાપી નદીના ઉપર ઉકાઈ ડેમની જમણી બાજુના આદિવાસી ડુંગરાળ વિસ્તાર સિંચાઈની સુવિધા ઉપલબ્ધ કરાવવા રાજય સરકારની સંકલ્પના સાકાર થઈ રહી છે. તાપી-કરજણ લીંક પાઈપલાઈન ઉદ્વહન સિંચાઈ યોજના દ્વારા ચાર પંમ્પીંગ સ્ટેશન બાંધવામાં આવશે.મુખ્ય પાઈપ લાઈન વહન ક્ષમતાઃ ૫૦૦ ઘનફુટ પ્રતિ સેકન્ડ છે.

- મુખ્ય પાઈપ લાઈનનો વ્યાસ ૩૦૦૦ એમ.એમ.(માઈલ્ડ સ્ટીલ પાઈપ) છે.
- આ યોજનામાં તાપી નદી ઉપર આવેલ ઉકાઈ જળાશયના જમણા કાઠે સાતકાશી ગામે પ્રથમ પમ્પીંગ સ્ટેશન બનાવી ૫૦૦ ક્યુસેક્સ પાણી ઉદવહન કરી અને ત્યારબાદ બીજા ત્રણ પંપીગ સ્ટેશન બનાવી અંતિમ સ્થળ ગોંદલીયા ગામ પાસે કોતરમાં નાખવાનું આયોજન છે.
- ઉમરપાડા તાલુકાના સટવાણ, પાંચઆંબા અને સાદડાપાણી ગામના તળાવોને પણ આ જ પાઈપલાઈન યોજનાથી ભરવાનું આયોજન છે.

ઉમરપાડા તાલુકાના લાભાર્થી ગામોઃ

ચીમીપાતળ,ચીતલદા, આમલીદાબડા, બલાલકુવા, બરડી, બરડીપાડા, બીલવણ,ચકરા, ચંદ્રાપાડા,ચારણી, ચવડા, હલધરી, ઝરપણ, ચોખવાડા, દરદા,દીવતંણ, ડોગરીપાડા, ઘાણાવાડ, ગોદલીયા, ગોપાલીયા, ગોવટ, ગુંદીકુવા, ચોખવાડા, દરદા,દીવતંણ, ડોગરીપાડા, ઘાણાવાડ, ગોદલીયા, ગોપાલીયા, ગોવટ, ગુંદીકુવા કડવીદરદા,કાલીજામણ, કેવડી (સરદા), ખમ્બા બગલી, ખોડાઆંબા, મોટીદેવરૂપણ, નાના સુતખડકા, નશારપુર,નવા ચકરા, પાડા,પાચઆંબા, પીનપુર, રૂઢીગવાણ,સાદડપાણી, શામપુરા, શરદા, સરવણ ફોકડી, સટવાણ, સેવલાણ, ટાવલ, ઉમરદા, ઉમરઝર, ઉમરખાડી, ઉમરપાડા, ઊંચવણ, વડગામ, વડપાડા, વહાર, વેલાવી

ડેડિયાપાડા તાલુકાના લાભાર્થી ગામોઃ

સિયાલી ,બોરસાણ, ભરાડા બોરસાણ), ચિકદા, દાભવણ, ગોપાલિયા, હીંદલાવી, ઝાંક, ખૂપરબોરસાણ, મોસ્કુટ, મોટી બેડવાણ, નાની બેડવાણ, પાટડી, પીપરવટી, રેલ્વા, રોજઘાટ, સાબુટી,ટીલીપાડા

ફાયદાઓઃ-

- આ પાઈપલાઈનની પથરેખામાં આવતા ૧૦૦ હયાત ચેકડેમો આ યોજનાથી ભરવાનું આયોજન છે.
- તે ઉપરાંત રૂ.૨૭૬.૦૪ લાખના બીજા નવા ૩ મોટા ચેકડેમો પણ બાંધવાનું આયોજન છે.

આ યોજનાથી સુરત જીલ્લાના ઉમરપાડા તાલુકાના ૫૧ ગામો અને નર્મદા જીલ્લાના ડેડિયાપાડા તાલુકાના ૨૨ ગામો, મળી કુલ ૭૩ ગામો કે, જે સિંચાઈ સુવિધાથી વંચિત છે તેને સિંચાઈ સુવિધાઓ પુરી પાડવામાં આવશે.

# ક્ષતિ રહિત અને સ્વચ્છ મતદારયાદીએ ચૂંટણીનો મૂળભૂત પાયો છે

## દિવ્યાંગ મતદારોને ચૂંટણી પ્રક્રિયામાં તમામ સુવિધાઓ પૂરી પાડવા ચૂંટણી પંચ દ્વારા સઘન પ્રયત્નોહાથ ધરવામાં આવેલ છેઃ -કલેક્ટર આર.જે.હાલાણી

### જે.બી એન્ડ એસ.એ. હાઈસ્કૂલ વ્યારા ખાતે વિશ્વ વિકલાંગ દિનની ઉજવણી કરાઈ






કમલમ દૈનિક, વ્યારા

વિશ્વ વિકલાંગ દિન ઉજવણીના ઉપલક્ષમાં કલેકટર આર.જે.હાલાણીની અધ્યક્ષતામાં જે.બી એન્ડ એસ.એ. હાઈસ્કૂલ વ્યારા ખાતે મતદાર જાગૃતિ અને કેળવણી અંતર્ગત મતદાર જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતુ.આ પ્રસંગે પ્રેરક પ્રવચન કરતા કલેક્ટરશ્રીએ જણાવ્યું હતુ કે, ભારતના ચૂંટણી પંચ દ્વારા તા.૦૯ નવેમ્બરથી થી તા.૧૫ ડિસેમ્બર-૨૦૨૦ દરમિયાન મતદારયાદી ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ-૨૦૨૧ જાહેર કરી મતદારોમાં ચૂંટણી પ્રક્રિયા અંગે જાગૃતિ વધે અને ચૂંટણી પ્રક્રિયામાં પોતાની સક્રિય ભાગીદારી નોંધાવે તે હેતુથી મતદાર જાગૃતિ અને કેળવણી હેઠળ મતદાર જાગૃતિના વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છેતેમણે બહુધા આદિજાતિ વસ્તી ધરાવતા તાપી જિલ્લામાં પણ સમયાંતરે આ પ્રકારે મતદાર જાગૃતિ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. તેનાથી ચૂંટણીઓ માં મતદારોની સહભાગિતા વધે છે તેમજ મતદાનની ટકાવારીઓમાં પણ નોંધપાત્ર વધારો થઈ રહ્યો છે. તેમ જણાવી ઉમેર્યુ કે, ક્ષતિ રહિત અને સ્વચ્છ મતદારયાદીએ ચૂંટણીનો મૂળભૂત પાયો છે લાયક તમામ વ્યક્તિઓ પોતાનું નામ મતદારયાદીમાં નોંધાવે સુધારો કરવા પાત્ર હોય તો સુધારો કરાવે તથા મરણ અને સ્થળાંતરના કિસ્સામાં કમી કરવા પાત્ર હોય તો કમી કરાવે તે માટે જિલ્લા વહીવટીતંત્રના આ ભગીરથ કાર્યમાં સહકાર આપવા માટે ભારપૂર્વક આગ્રહ કર્યો હતો. કલેકટરશ્રીએ જણાવ્યું કે, આજે વિશ્વ વિકલાંગ દિનની ઉજવણી નિમિત્તે દિવ્યાંગજનોમાં મતદાર જાગૃતિ કેળવાય તે માટે જિલ્લા ચુંટણીતંત્ર દ્વારા વિશેષ પ્રયત્ન કરવામાં આવેલ છે. ભારતના ચૂંટણીપંચ દ્વારા વર્ષ ૨૦૧૮ ને સુગમ નિર્વાચન તરીકે જાહેર કરેલ છે. જે અંતર્ગત દરેક મતદારને મતદાર તરીકે નોંધણી કરવામાં આવે તેમજ મતદાન મથક પર સરળતાથી મતદાન કરી શકે તે માટે જરૂરી સવલતો ઉપલબ્ધ કરાવવાનો આશય રહેલો છે. ખાસ કરીને દિવ્યાંગ મતદારોને ચૂંટણી પ્રકિયામાં શકય તેટલી તમામ સુવિધાઓ મળી રહે તે હેતુસર ચૂંટણીપંચ દ્વારા સઘન પ્રયત્નો હાથ ધરવામાં આવેલ છે. આવા પ્રયાસોના ભાગરૂપે દિવ્યાંગ મતદારોને મતદાન મથક પર કોઈ પણ જાતની મુશ્કેલી ન પડે અને તેઓ સરળતાથી મતદાન કરી શકે તે માટે મતદાન મથક ઉપર દિવ્યાંગ મતદારોની સુવિધા ઉપલબ્ધ કરાવવા ચૂંટણીપંચ દ્વારા સુચના આપવામાં આવેલ છે. આ પ્રસંગે વધુમાં જે દિવ્યાંગ વ્યક્તિઓનો મતદારયાદીમાં સમાવેશ થયેલ ન હોય તેમણે આગામી તા.૦૬/૧૨/૨૦૨૦ અને તા.૧૩/૧૨/૨૦૨૦ ના ખાસ ઝુંબેશના દિવસે પોતાના વિસ્તારમાં આવેલ મતદાન મથકો ખાતે જેઓના તા.૦૧/૦૧/૨૦૨૧ની લાયકાતની સ્થિતિએ ૧૮ વર્ષ પૂર્ણ થતા હોય તેવા દિવ્યાંગ મતદારોને મતદારયાદીમાં મતદારો તરીકે વિકટ પરિસ્થિતિઓમાં પણ ચૂંટણીઓ સમયે મતદાન કરી ચૂંટણીપંચના પ્રયત્નોને સાર્થક કરતા દિવ્યાંગ મતદારોનું રાષ્ટ્રીય મતદાતા દિવસની ઉજવણી નિમિતે સન્માન કરવામાં આવે છે. ઉપસ્થિત સૌને વિશ્વવિકલાંગ દિવસની ઉજવણીની શુભેચ્છાઓ પાઠવી દિવ્યાંગ મતદારોને પણ ભારતના લોકતંત્રને સર્વોપરી બનાવવા ભારતના ચૂંટણીપંચના કાર્યક્રમોને જનજાગૃતિ રૂપે પ્રચાર-પ્રસાર કરવા સહભાગી થઈ પોતાનું યોગદાન આપવા અનુરોધ કર્યો હતો. આ પ્રસંગે કલેકટરશ્રીના હસ્તે દિવ્યાંગોને કિટસનુ પણ વિતરણ કરવામાં આવ્યું હતુ. કાર્યક્રમની શરૂઆતમાં સ્વાગત પ્રવચન કરતા જિલ્લા પુરવઠા અધિકારી અને ઈ.ચાર્જ નાયબ જિલ્લા ચુંટણી અધિકારી નૈતિકા પટેલે દિવ્યાંગ મતદારોની વિગતો આપતા જણાવ્યું હતું કે, તાપી જિલ્લામાં સમાવિષ્ટ ૧૭૧-વ્યારા (અ.જ.જા) વિધાનસભા મતદાર વિભાગમાં કુલ ૩૯૯૨ દિવ્યાંગ મતદારો નોંધાયેલા છે. જે પૈકી ૩૯૭૫ દિવ્યાંગ મતદારો ને ટેગીંગની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે. તથા ૧૭૨- નિઝર (અ.જ.જા) વિધાનસભા મતદાર વિભાગમાં કુલ ૩૦૩૩ દિવ્યાંગ મતદારો નોંધાયેલા છે. અને તમામ મતદારોની ટેગીંગની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે. તાપી જિલ્લામાં કુલ ૭૦૨૫ દિવ્યાંગ મતદારો પૈકી ૭૦૦૮ દિવ્યાંગ મતદારોને ટેગીંગ કરવામાં આવેલ હોવાનું જણાવ્યું હતુ.કાર્યક્રમમાં મામલતદાશ્રી બી.બી ભાવસાર, સમાજસુરક્ષા અધિકારીશ્રી ચૌધરી, ૨.ફ.દાબુ કેળવણી મંડળના પ્રમુખશ્રી અજય શાહ સહિત મહાનુભાવો અને દિવ્યાંગજનો સોશ્યલ ડીસ્ટન્સ જાળવીને ઉપસ્થિત રહ્યા હતા.

## વેરાવળની સગીરાને સખી વન સ્ટોપ સેન્ટરના માધ્યમથી મળ્યું આશ્રય સ્થાન

### "સખી" વન સ્ટોપ સેન્ટર - ગીર સોમનાથની પ્રશંસનીય કામગીરી

કમલમ દૈનિક, સોમનાથ

ગીર સોમનાથ જિલ્લામાં કાર્યરત "સખી" વન સ્ટોપ સેન્ટર જે એક જ સ્થળેથી કોઈ પણ પ્રકારની હિંસાથી પીડિત મહિલાઓ માટે તમામ પ્રકારની સેવાઓ આપવાની સરકારની યોજનાને ખરા અર્થમાં સફળ બનાવે છે. વેરાવળમા રહેતી ૧૬ વર્ષીય સગીરા "સખી" વન સ્ટોપ સેન્ટર ગીર સોમનાથ પર આવતા તેમને આશ્રય સહાય આપવામાં આવી હતી. ત્યારબાદ "સખી" વન સ્ટોપ સેન્ટરના કર્મચારી દ્વારા પીડિત યુવતીનું યોગ્ય કાઉન્સેલિંગ કરતા સગીરા ૩ વર્ષ જુનાગઢમાં આવેલ શિશુ મંગલમાં, ૧ વર્ષ ધારીમાં, અમરેલી છાત્રાલય અને ૧ વર્ષ સાવરકુંડલામાં આવેલ છાત્રાલયમાં રહેલ પરંતુ કોવિડ-૧૯ હોવાના કારણે છાત્રાલય માંથી રજા આપવામાં આવતા સગીરા તેના માતા સાથે રહેતી હતી. યુવતીના પિતા ૨ વર્ષથી ચાલ્યા ગયેલ છે. હાલ યુવતીના માતા ઘરકામ કરીને તેમની બંન્ને બહેનનું ભરણપોષણ કરે છે. ત્યારબાદ ધોરણ ૧૧માં તેમની માતાએ એડમીશન કરાવ્યા બાદ પીડિત યુવતી ઓનલાઈન ભણવાનું શરૂ કર્યુ. સોશ્યલ મીડીયાના ઉપયોગ અંગે માતા-પુત્રી સાથે ઝઘડા થતા સગીરા ઘર છોડીને નીકળી ગયા બાદ "સખી" વન સ્ટોપ સેન્ટર ગીર-સોમનાથની મદદ લેવા માટે આવી હતી. ત્યાં માતા-પુત્રીનું કાઉન્સેલિંગ કરી સગીરા માટે સંસ્થાગત સાર સંભાળની જરૂરીયાત જણાતી હોવાથી "સખી" વન સ્ટોપ સેન્ટર દ્વારા પીડિત સગીરાને શ્રી કસ્તુરબા સ્ત્રી વિકાસગૃહ, જામનગર ખાતે આશ્રય સહાય આપવામાં આવેલ છે. તેમ સેન્ટર એડમીનીસ્ટ્રેટર, સખી વન સ્ટોપ સેન્ટર ગીર સોમનાથની યાદીમાં જણાવાયું છે.

## કલા સૃષ્ટિ ફાઉન્ડેશન દ્વારા દિવ્યા બાળક જય ઠાકોર ને શૈક્ષણિક કીટ આપી વિશ્વ વિકલાંગ દિવસ ની ઉજવણી કરવામાં આવી




કમલમ દૈનિક,

મારે પણ ગગન માનવું છે ,પણ મને ઊડવાની એક તક આપો. કેન્દ્ર સરકાર તથા રાજ્ય સરકાર દ્વારા દિવ્યાંગ બાળકોને શિક્ષણ તેમજ આત્મનિર્ભર બને તે માટે ખુબ જ અગ્રીમતા આપવામાં આવી છે. ધોરણ-૩માં અભ્યાસ કરતો જય વિષ્ણુભાઈ ઠાકોર ,ચીમનલાલ હંસરાજ પ્રાથમિક શાળા ડીસા માં અભ્યાસ કરે છે ,સાથે સાથે તેના પ્રિય શિક્ષક રાજાજી ટાંક કે જેઓએ ધોરણ એક માં પ્રવેશ ખૂબ ધામધૂમ સાથે કંકુ તિલક કરી શૈક્ષણિક કીટ આપી પ્રવેશ આપવામાં આવેલ . સાથે સાથે શાળા ના પ્રધાનાચાર્ય ઉત્સાહી પ્રવીણભાઈ સાધુ એ પણ આવા દિવ્યાંગ બાળકોને પ્રવેશ માટેની ખુબ જ અગ્રિમતા આપવામાં આવી હતી. હમણાં તમામ શિક્ષકોને રાજ્ય સરકાર દ્વારા ચેતના તાલીમ મોબાઈલ ની એપ દ્વારા શિક્ષકોની શાળામાં અથવા ઘરે બેસીને તાલીમ આપવામાં આવી હતી આ તાલીમમાં દિવ્યાંગ બાળકો સાથે શિક્ષક કઈ રીતે અભ્યાસ માં સહભાગી થવું તેનો પ્રકાશ પાડવામાં આવ્યો હતો .અને ખૂબ જ સમજદારી પૂર્વક તાલીમ આપવામાં આવી હતી. આજરોજ કલા સૃષ્ટિ ફાઉન્ડેશન ડીસાના પ્રણેતા ચંદુભાઈ એ.ટી.ડી. દ્વારા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. તેમજ ટી.એલ.એમ દ્વારા બનાવેલા બિલાડી, પતંગિયું, વાઘ, જેવા ચિત્રો તથા સંખ્યા દ્વારા અભિનય કરવામાં આવ્યો.આ પ્રસંગે રાજાજી ટાંક (શિક્ષક શ્રી ચીમનલાલ દોસી પ્રાથમિક શાળા, ડીસા)દિવ્યાંગ બાળક જય વિષ્ણુભાઈ ઠાકોર ને શૈક્ષણિક કીટ પુસ્તકો ,સ્લેટ ,નોટબુક, ડ્રોઈંગ પેપર ,ચિત્રપોથી ,કલર રમત-ગમતના સાધનો ,નાસ્તો, ચોકલેટ, ફળફળાદી, કાજુ ,બદામ ,પિસ્તા દ્રાક્ષ જો સૂકોમેવો પણ આપવામાં આવ્યો. વિશેષ આ પ્રસંગે અમિત ભાઈ મોદી ( ન્યુ મોદી મેડીકલ સ્ટોર્સ,ડીસા ) દ્વારા માસ્ક આપવામાં આવ્યા. કોરોના થી બચવા માટે માસ્કનું પણ વિતરણ કરવામાં આવ્યું. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે રોટે.મહેન્દ્ર પંચાલ જેઓએ આ બાળક ને શૈક્ષણિક કીટ આપી. તેમજ આ પ્રસંગે કોરોના વોરિયર્સ રાજુ ચૌહાણ પણ હાજર રહી સુંદર કાર્યક્રમ કરવા બદલ શુભેચ્છા પાઠવી. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે પત્રકાર મિત્રો તથા ધરમાભાઈ ઠાકોર અમૃતજી ઠાકોર મુકેશભાઈ ઠાકોર તેમજ અને પરિવારના મિત્રોને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

આનંદ ઠકકર ડીસા

## વિશ્વ દિવ્યાંગ દિવસે મોડાસા જાયન્ટસે દિવ્યાંગ બાળકોને ધાબળા વિતરણ કરાયા



કમલમ દૈનિક, અરવલ્લી

શાળામાં અભ્યાસ કરતા દિવ્યાંગ બાળકોને શિક્ષણના માધ્યમથી શિક્ષણની મહત્વતા અને સામાન્ય બાળકોની જેમ દિવ્યાંગ બાળકોનો સ્વીકાર થાય, પુનર્વસન થાય તેવા વિચાર સાથે આજે વિશ્વ દિવ્યાંગ દિવસના રોજ સમાજમાં દિવ્યાંગ બાળકો માટે સકારાત્મક વિચાર પ્રસારિત થાય તેવા પ્રયાસ સાથે દિવ્યાંગ બાળકો ને પ્રેરાણા હૂફ મળે તેમજ લાગણી મળે તે માટે જાયન્ટસ મોડાસા એ વાલ્મીકિ સમાજના બે બાળકોના ઘરે જઈ શિયાળા ની ઠંડીમાં હુફ મળે તે માટે ધાબળા વિતરણ કર્યું. આ પ્રસંગે જાયન્ટસના ઝોન ઉપપ્રમુખ જાયન્ટસ મોડાસા પ્રમુખ નરેન્દ્ર પટેલ, જાયન્ટસ સભ્યો દ્વારા દિવ્યાંગો માટે સતત વિચારતા અને કામ કરતાં જીલ્લા કોડીનેટર આઈ.ઈ.ડી શાખાના કર્મચારીઓ પણ હાજર રહ્યા. જાયન્ટસ મોડાસા સમાજ સેવા માટે કટિબદ્ધ હતું અને રહેવાનુ જ છે એજ સંકલ્પ સાથે દિવ્યાંગો ને એક સપ્તાહ સુધી ધબાળા વિતરણ કરશે..

## કોવિડ સારવાર સુવિધાના મજબૂતીકરણમાં યોગદાન રૂપે કેઈસી દ્વારા આરપીજી ફાઉન્ડેશનના સહયોગ થી બે અદ્યતન વેન્ટિલેટરની સખાવત

### જિલ્લા વહીવટીતંત્ર વતી અધિક નિવાસી કલેક્ટરશ્રીને દાતા સંસ્થાઓએ સુપ્રત કર્યા જીવન રક્ષક ઉપકરણો...



કમલમ દૈનિક, વડોદરા

કોવિડ કટોકટી દરમિયાન સારવાર સુવિધાઓના વિસ્તરણ અને મજબૂતીકરણમાં ઔદ્યોગિક સંસ્થાઓ અને સામાજિક સંસ્થાઓએ નોંધપાત્ર યોગદાન આપ્યું છે. તેવા જ એક પ્રયાસના રૂપમાં સાવલી તાલુકાની કેઈસી ઈન્ટરનેશનલ દ્વારા આરપીજી ફાઉન્ડેશન સાથે સહભાગી બનીને જિલ્લા વહીવટી તંત્રને ૨ અદ્યતન વેન્ટિલેટર આપવામાં આવ્યાં છે. કેઈસી ઈન્ટરનેશનલના પ્લાન્ટ હેડ શ્રી કલ્પેશ શાહે કલેકટર કચેરી ખાતે આ જીવન રક્ષક ઉપકરણોની સખાવત અધિક નિવાસી કલેકટર શ્રી દિલીપ પટેલને સુપ્રત કરી હતી. શ્રી પટેલે કોવિડ કટોકટીમાં સમાજને મદદરૂપ બનવાની એકમની ભાવના અને સૌજન્યને બિરદાવ્યા હતા. ઈએમ વેન્ટ નામક આ વેન્ટિલેટર ક્રિટીકલ/પેશન્ટ કેર માટેના છે જે વીજળી અને ઈનબિલ્ટ બેટરી સંચાલિત, હળવા વજનના અને કોમ્પેક્ટ, પરિવહનમાં સરળ અને પોર્ટબલ છે. જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આરોગ્ય તંત્રને તે જરૂરિયાત પ્રસંગે ઉપયોગમાં લેવા માટે આપવામાં આવશે.અત્રે નોંધ લેવી ઘટે કે સી.એસ.આર. હેઠળ સમાજોપયોગી પ્રવૃત્તિઓના ભાગરૂપે કેઈસી - આર.પી.જી ગ્રુપ દ્વારા કોવિડના લોકડાઉન દરમિયાન અને ત્યારબાદ સાવલી તાલુકાના લોકોને કોરોના વોરિયર તરીકે વિવિધ રીતે મદદ કરવામાં આવી છે. આ પ્રસંગે આરપીજીએફના સીએસઆર પ્રતિનિધિ કાજલ જોષી, કેઈસીના એચ.આર.હેડ ધીરજ શ્રીવાસ્તવ ઉપસ્થિત રહ્યાં હતા.

# ખેતી અને ખેડૂતોની ઉન્નતિ માટે પ્રાકૃતિક કૃષિ એક મજબૂત વિકલ્પ : રાજયપાલશ્રી

### સુભાષ પાલેકર પ્રાકૃતિક કૃષિ જન અભિયાનના જિલ્લા-તાલુકા સંયોજકોને વેબિનાર દ્વારા માર્ગદર્શન આપતા રાજયપાલશ્રી




કમલમ દૈનિક,

ગુજરાતના રાજયપાલશ્રી આચાર્ય દેવવ્રતે ગુજરાત રાજયમાં ચાલી રહેલાં સુભાષ પાલેકર પ્રાકૃતિક કૃષિ જન અભિયાનના જિલ્લા અને તાલુકા સંયોજકોને વેબિનાર દ્વારા માર્ગદર્શન આપ્યું હતું. રાજયપાલશ્રીએ જણાવ્યું હતુ કે ખેતી અને ખેડૂતોની ઉન્નતિ માટે પ્રાકૃતિક કૃષિ એક મજબૂત વિકલ્પ છે. પદ્મશ્રી સુભાષ પાલેકર પ્રેરિત પ્રાકૃતિક કૃષિમાં નહિવત કૃષિ ખર્ચ અને વધુ ઉત્પાદન ઉપરાંત ઝેર મુક્ત કૃષિ ઉત્પાદનોના વધુ ભાવ મળવાને કારણે ખેડૂતોની આર્થિક સ્થિતિ મજબૂત બનશે. રાજયપાલશ્રીએ એમ પણ જણાવ્યું હતું કે, સમગ્ર વિશ્વમાં ઝેરમુક્ત પ્રાકૃતિક કૃષિ ઉત્પાદનોની માંગ વધી રહી છે ત્યારે દેશભરના ખેડૂતોએ પ્રાકૃતિક કૃષિ અપનાવી પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના વર્ષ ૨૦૨૨ માં ખેડૂતોની આવક બમણી કરવાના સંકલ્પને સાકાર કરવા પુરુષાર્થ કરવો જોઈએ. આ વેબિનારમાં રાજ્યભરના જિલ્લા અને તાલુકા કક્ષાના સંયોજકો ઉપસ્થિત રહ્યાં હતા જયારે ગુજરાત પ્રદેશના સંયોજક શ્રી પ્રફુલભાઈ સેંજલિયા, શ્રી દિક્ષિત પટેલ ઉપરાંત ડૉ. રમેશભાઈ સાવલિયા, નીલકંઠ ધામ, પોઈચાના કેવલ્ય સ્વરૂપ સ્વામીશ્રી, પ્રો. ખીમજીભાઈ ચંદ્રાવાડિયા અને શ્રી રઘુભાઈ પટેલે સુભાષ પાલેકર પ્રાકૃતિક કૃષિ જન અભિયાન સંદર્ભે વિશેષ માહિતી આપી હતી.





વિશ્વ દિવ્યાંગ દિવસે યોજાયો સાધન અર્પણ કેમ્પ

# ખામી ને ખુબીમા પરિવર્તિત કરનાર દિવ્યાંગોને બિરદાવતા જામનગરના સંસદસભ્ય પૂનમબેન માડમ

કમલમ દૈનિક, જામનગર

ઈન્ડિયન કોર્પોરેશન લિમિટેડ જામનગર, ભારતીય કૃત્રિમ અંગ નિર્માણ નિગમ (એલિમ્કો) અને જિલ્લા સમાજ સુરક્ષા કચેરી, જામનગરના સંયુક્ત ઉપક્રમે વિશ્વ દિવ્યાંગ દિવસ નિમિત્તે આજરોજ ધનવંતરી ઓડિટોરિયમ ખાતે દિવ્યાંગજનોને સાધન સહાય વિતરણ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન લિમિટેડ તરફથી સીએસઆર (સામાજિક દાયિત્વ) હેઠળ ઉપકરણ નિર્માતા એલિમ્કોના સહકાર અને જિલ્લા સમાજ સુરક્ષા કચેરી, જામનગર સાથે સંકલન કરી જામનગર જિલ્લાના ૪૩૪ દિવ્યાંગોને અંદાજે ૬ લાખની સાધન સહાય વિતરિત કરવામાં આવનાર છે. જેમાં આજરોજ સાંસદ શ્રી પૂનમબેન માડમ, જામનગરના કલેકટર શ્રી રવિશંકર, ઈન્ડીયન ઓઈલ કોર્પોરેશન લિ.ના પશ્ચિમીક્ષેત્ર પાઈપલાઈનના કાર્યકારી નિર્દેશક શ્રી ડી.કે.બેનર્જીના હસ્તે ૧૨ દિવ્યાંગોને સાધન સહાય અર્પણ કરાઈ હતી. આ સાધન સહાયમાં મોટરેટ ટ્રાઈસીકલ, વ્હીલચેર, વોકિંગ સ્ટિક,બ્રેઈલ કેન, બ્રેઈલ કીટ, હીયરીંગ એઈડ, વોકર, રોલેટર વગેરે સાધનો લાભાર્થીઓને આપવામાં આવ્યા હતા. ત્રણ દિવસ ચાલનારા આ કેમ્પમાં આજે ધનવંતરી ઓડિટોરિયમ ખાતે કુલ ૧૦૧ લાભાર્થીઓને સાધન સહાય વિતરીત કરાઈ હતી. જ્યારે આવતીકાલે તા. ૪ અને તા. ૫ના રોજ અન્ય દિવ્યાંગ લાભાર્થીઓને સહાય વિતરીત કરવામાં આવશે. ?આ પ્રસંગે સાંસદશ્રી પૂનમબેન માડમે કહ્યું હતું કે, ખામીને ખૂબીમાં પરિવર્તિત કરવાની શક્તિ ઈશ્વરે દિવ્યાંગોને આપી છે. પ્રધાનમંત્રીશ્રીએ દિવ્યાંગો પ્રત્યે દેશમાં જાગૃતિ લાવી છે. દેશની અનેક સંસ્થાઓએ સી.એસ.આર હેઠળ દિવ્યાંગો માટે અગણિત સેવા પ્રવૃત્તિ કરી છે. સમગ્ર દેશમાં દિવ્યાંગો પ્રત્યે સંવેદનશીલતાનો સંદેશ પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ પહોંચાડયો છે. દિવ્યાંગોને વિશેષ અધિકારો મળે તે માટે આજે આ કાર્યક્રમ થકી સૌ નાગરિકોને અપીલ કરતા સાંસદશ્રીએ કહ્યું હતું કે, પોતાના વિસ્તારમાં વસતા દિવ્યાંગોને તેમના અધિકારો મળે તે માટે સૌ નાગરિકો સંકલ્પ લઈ તેના હક્કો તેઓ મેળવી શકે તે માટે પ્રતિબધ્ધ બનીએ. સાંસદશ્રીએ આઈ.ઓ.સી.એલ.ને સી. એસ. આર. પ્રવૃત્તિ હેઠળ આ સેવાકાર્ય માટેના અભિગમ બદલ અભિનંદન પાઠવ્યા હતા. આ તકે, શ્રી ડી.કે.બેનર્જી દ્વારા ઈન્ડીયન ઓઈલની કામગીરી, કોવિડ દરમિયાન કોર્પોરેશનની લોકસેવા અને તેમના માટેના અલગ-અલગ પ્રોજેક્ટ વિશે જાણકારી આપવામાં આવી હતી. તો આઈ.ઓ.સી.એલ.ના ડેપ્યુટી જનરલ મેનેજર અરિંદમ બાગચીએ મહાનુભાવો, મીડિયા મિત્રો અને ઉપસ્થિત દિવ્યાંગોને સેવાકાર્યમાં જોડાવા બદલ આભાર પ્રગટ કર્યો હતો. આ કાર્યક્રમમાં જિલ્લા ભાજપ પ્રમુખ શ્રી રમેશભાઈ મુંગરા, શહેર ભાજપ પ્રમુખશ્રી ડો. વિમલ કગથરા, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન શ્રી સુભાષભાઈ જોશી, જિલ્લા ભાજપ મહામંત્રીશ્રી ડૉ. ભંડેરી, એલિમ્કોના જુનિયર મેનેજરશ્રી મૂર્ધન્ય અવસ્થી, જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રી પ્રાર્થનાબેન શેરસીયા વગેરે અધિકારીઓ-કર્મચારીઓ અને બહોળી સંખ્યામાં દિવ્યાંગો અને તેમના પરિવારજનો ઉપસ્થિત રહ્યા હતા.

## પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર પારડી દ્વારા કોરોના અટકાયત માટે કાંગશીયાળી ગામ ખાતે ખાસ કેમ્પ યોજાયો





કમલમ દૈનિક, રાજકોટ

કોરોનાની મહામારીમાં સમજપૂર્વકની સાવચેતી એજ સલામતી હોઈ રાજકોટ જીલ્લામાં ગ્રામ્ય કક્ષાએ પણ કોરોના અંગે જાગૃતિ ફેલાઈ તથા લોકો કોરોનાના પ્રાથમિક લક્ષણો જણાય તો તુરત જ આરોગ્યતંત્રનો સંપર્ક કરે તથા ગ્રામ્ય કક્ષાએ કોરોનાની રોક થામ થાય તે હેતુસર લોધીકા તાલુકાના પારડી પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર દ્વારા મેગોટેકસ કંપની ખાતે ખાસ કેમ્પનું આયોજન કરાયું હતું. મેગોટેકસ કંપની ખાતે યોજાયેલ આ કેમ્પમાં આરોગ્ય કર્મીઓ દ્વારા કોરોના મહામારીથી બચાવ માટેના ઉપયોગી માર્ગદર્શન તથા કોઈપણ વ્યક્તિને કોરોનાના પ્રાથમિક લક્ષણો જણાય તો તુરતજ આરોગ્ય વિભાગનો સંપર્ક કરવા જણાવાયું હતું આ તકે દ્વજે કુટુંબ કલ્યાણ પુરૂષ નશબંધી (વેજેકટોમી) અંગે પણ લોકોને માહિતગાર કરાયા હતા. આ કેમ્પમાં ૧૫૦ જેટલા લોકોનો એન્ટીજન ટેસ્ટ પણ કરાયા હતા. આ કેમ્પમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના આયુષ મેડીકલ ઓફીસર ડો. પારૂલબેન ઠુંમર, એમ.પી.એસ.એસ.શ્રી આર.પી. બારસીયા, એમ.પી.એચ.ડબલ્યુ શ્રી સુશીલ સોલંકી, ધન્વંતરી રથના એમ.ઓ. ડો. રાધીકા કારેણા અને ડો. પાર્થ વાઘેલા તથા આરોગ્ય કર્મી શ્રી લલીતભાઈ રાઠોડ વગેરે ભારે જહેમત ઉઠાવી હતી. મોટીસંખ્યામાં લોકોએ આ કેમ્પમાં ઉપસ્થિત રહ્યા હતા.

## રાજકોટ સિવિલ હોસ્પિટલમાં કોરોનાના દર્દીઓની સારવારની સાથે વિશેષ દરકાર કરવામાં આવે છે





કમલમ દૈનિક, રાજકોટ

રાજકોટની પંડિત દીનદયાળ ઉપાધ્યાય કોવિડ હોસ્પિટલમાં રાજ્ય સરકારના માર્ગદર્શન હેઠળ કોરોના સંક્રમિત દર્દીઓની શ્રેષ્ઠ અને આધુનિક સારવાર માટે તમામ વ્યવસ્થા કરવામાં આવી છે. રાજકોટ સિવિલ હોસ્પિટલમાં સારવાર મેળવી કોરોનાને મહાત કરનાર દર્દીઓએ પ્રતિભાવ આપ્યો હતો કે કોરોનાની સારવાર માટે રાજકોટની સિવિલ હોસ્પિટલ જેવી બીજી હોસ્પિટલ મળવી મુશ્કેલ છે.

રાજકોટના કાલાવડ રોડ પર રહેતા સુખદેવસિંહ જાડેજાએ જણાવ્યું હતું કે મને કોરોના નો રિપોર્ટ પોઝિટિવ આવતા હું રાજકોટની સિવિલ હોસ્પિટલમાં સારવાર મેળવી સ્વસ્થ થયો છું. ખાનગી હોસ્પિટલો કરતા રાજકોટની સિવિલ હોસ્પિટલ નું મેનેજમેન્ટ સારું છે. સારવારની સાથે દર્દીને વિવિધ સુવિધા મળી રહે તેની ખાસ તકેદારી રાખવામાં આવે છે. ૬૩ વર્ષના લલીતાબેને પ્રતિભાવ આપતા જણાવ્યું હતું કે મેં સિવિલ હોસ્પિટલમાં નવ દિવસ સુધી સારવાર મેળવી છે. તબીબો નિયમિત તપાસ કરવા આવે છે અને પેરામેડિકલ સ્ટાફ અને બીજા બહેનો દર્દીને પરિવારની જેમ સાચવે છે .સિવિલ હોસ્પિટલના સ્ટાફ દ્વારા મારી વિશેષ કાળજી રાખવામાં આવતી હતી. લલીતાબેને સિવિલ હોસ્પિટલના તબીબો અને સ્ટાફને આ સેવા બદલ ભગવાન સૌનું કલ્યાણ કરે તેવા આશીર્વાદ પણ પાઠવ્યા છે . બીજા એક દર્દી ગીતાબેન અશોકભાઈ સોનગરાએ જણાવ્યું હતું કે તેઓએ પણ નવ દિવસ સુધી રાજકોટની સિવિલ હોસ્પિટલમાં સારવાર લઈ કોરોના સંક્રમણ માંથી મુક્ત થયા છે .ગીતા બેન ને કહ્યું કે સિવિલ હોસ્પિટલમાં ચા-પાણી જમવાની તમામ પ્રકારની વ્યવસ્થા છે. ગીતાબેન ને રજા આપવામાં આવતા તેમના પરિવારના સભ્ય શ્રી પ્રતિકભાઈ સોનગરાએ જણાવ્યું હતું કે સિવિલ હોસ્પિટલ દ્વારા દર્દીના સગા માટે હેલ્પ ડેસ્ક તેમજ વાતચીત કરવા અંગેની વિશેષ સુવિધા રાખવામાં આવી છે અને બધી જ વસ્તુઓ સિવિલમાંથી મળી રહે તેવી પણ સુવિધા છે. રાજકોટ જિલ્લામાં કોરોના ની સારવાર માટે સિવિલ હોસ્પિટલ નામના મેળવી રહી છે .મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી નીતીનભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ સમગ્ર રાજયમાં સરકારી કોવિડ હોસ્પિટલો ઉભી કરવામાં આવી છે. અને આ હોસ્પિટલોમાં ૨૪ કલાક સારવાર અને દર્દીની વિશેષ કાળજી લેવામાં આવે તે માટે તમામ વ્યવસ્થાઓ કરવામાં આવી છે. રાજ્ય સરકારની આ વ્યવસ્થાને દર્દીઓ આવકારી રહ્યા છે. રાજ્ય સરકાર દ્વારા વિશેષમાં કોરોના નું સંક્રમણ ન થાય તે માટે માસ્ક પહેરવા અને સોશિયલ ડિસ્ટન્સ રાખવા અને કામ સિવાય બહાર નહીં નીકળવા તેમજ ભીડભાડથી દૂર રહેવા અપીલ કરવામાં આવી છે.

## ગ્રામવિકાસની વિવિધ યોજનાઓમા સંવેદનશીલતા સાથે અમલીકરણ કરવાની હિમાયત કરતા વલસાડ-ડાંગના સાંસદ શ્રી ડો.કે.સી.પટેલ

### ડાંગ ડીસ્ટ્રીક્ટ ડેવલોપમેન્ટ કો-ઓર્ડીનેશન અને મોનીટરીગ કમિટી (દિશા)ની બેઠક યોજાઈ




કમલમ દૈનિક, આહવા

''કોરોના'' કાળમા ખુબ જ સાવચેતી અને ચોકસાઈ સાથે કામગીરી કરવા બદલ ડાંગ જિલ્લા પ્રસાશનને અભિનંદન પાઠવતા સાંસદશ્રી ડો.કે.સી.પટેલે જિલ્લામા સંદેશ વ્યવહારની અસરકારકતા વધારવા સાથે, ઈ ગ્રામની સેવોનો વ્યાપ વધારવા બાબતે વિશેષ લક્ષ કેન્દ્રિત કરવાની હિમાયત કરી હતી. જિલ્લાના પદાધિકારીઓ અને અધિકારીઓને નવા વર્ષના અભિનંદન પાઠવતા ડો.કે.સી.પટેલે ગ્રામવિકાસનીવિવિધ યોજનાઓમા સંવેદનશીલતા સાથે અમલીકરણ કરવાની અપીલ કરી, આગામી દિવસોમા ડાંગ જિલ્લામા માર્ગ સુધારણા સહિતના વિવિધ વિકાસ કાર્યો, અને પ્રજા કલ્યાણલક્ષી યોજનાઓના અમલીકરણમા નિયત સમય મર્યાદામા કામગીરી પૂર્ણ કરવાની પણ હિમાયત કરી હતી. ધારાસભ્ય શ્રી વિજયભાઈ પટેલેજિલ્લામાવિવિધયોજનાઓના અમલીકરણ સહીત સ્થાનિક જરૂરીયાત મુજબ યોજનાઓમા ફેરફાર કરવા જેવા મુદ્દે ધ્યાન દોરી, પ્રજા કલ્યાણલક્ષી યોજનાઓનો અસરકારક અમલ કરવાની અપીલ કરી હતી. દરમિયાન ડાંગ કલેકટર શ્રી એન.કે.ડામોરે જિલ્લાના જરૂરિયાતમંદ લાભાર્થીઓ પ્રત્યે ખુબ જ સંવેદનાસભર અભિગમ સાથે વિવિધ યોજનાઓનો લાભ પહોંચાડવાનો અનુરોધ કરી, વ્યક્તિલક્ષી યોજનાઓ, સામુહિક યોજનાઓ વિગેરેના લક્ષ્યાંકો નિયત સમય મર્યાદામા પૂર્ણ કરવાની તાકીદ કરી હતી. શ્રી ડામોરે જિલ્લામા યોજાતા વિવિધ કાર્યક્રમોની પૂર્વ મંજુરી બાબતે વિસ્તૃત સૂચનાઓ આપી આગામી દિવસોમા આરોગ્ય વિભાગ દ્વારા હાથ ધરાનાર વિકસીનેશનની કામગીરી માટે જરૂરી માહિતી સત્વરે ઉપલબ્ધ કરાવવા, અને જિલ્લાના પ્રજાજનો સહીત સરકારી અધિકારી, કર્મચારીઓ અને તેમના પરિવારો ફરજીયાતપણે ફેસ માસ્કનો ઉપયોગ કરે તે સુનિશ્ચિત કરવાની હિમાયત કરી હતી. કલેકટરશ્રીએ જિલ્લાના અમલીકરણ અધિકારીઓને જિલ્લા કક્ષાની કામગીરી પરસ્પર સંકલન અને સહયોગથી વેળાસર પૂર્ણ કરવાની પણ તાકીદ કરી હતી. જિલ્લા વિકાસ અધિકારી શ્રી એચ.કે.વઢવાણીયાએ યોજનાઓના અમલીકરણ બાબતે ઉપયોગી માર્ગદર્શન પૂરુ પાડ્યુ હતુ. ઈ ગ્રામ સેવાઓનો વ્યાપ વધારવા બાબતે પણ શ્રી વઢવાણીયાએ જરૂરી વિગતો પૂરી પાડી હતી. જિલ્લા પોલીસ અધિક્ષક શ્રી રવિરાજસિંહજી જાડેજાએ ગ્રામ્ય વિસ્તારમા યોજાતા ધાર્મિક/ સામાજિક કાર્યક્રમો દરમિયાન ''કોવિદ-૧૯'' ના નિયમોનુ ચુસ્તપણે પાલન થાય તે બાબતે વિશેષ કાળજી લેવાની અપીલ કરી હતી. બેઠકમા જિલ્લા સમાજ સુરક્ષા વિભાગની નેશનલ સોશિયલ આસીસ્ટન્ટ પ્રોગ્રામ, જિલ્લા જળસ્રાવ વિકાસ એકમની પ્રધાનમંત્રી કૃષિ સિંચાય યોજના, ખેતીવાડી વિભાગની વિવિધ યોજનાઓ, જમીન દફતર ની ડીજીટલ ઈન્ડિયા લેન્ડ રેકર્ડ મોર્ડનાઈઝેશન પ્રોગ્રામ, વીજ વિભાગની દિનદયાળ ઉપાધ્યાય ગ્રામ જ્યોતિ યોજના, આરોગ્યની નેશનલ હેલ્થ મિશન, સર્વ શિક્ષા અભિયાનની યોજના, બાળ વિકાસ વિભાગની ઈન્ટીગ્રેટેડ ચાઈલ્ડ ડેવલોપમેન્ટ સ્કીમ, મધ્યાહ્ન ભોજનની મીડ ડે મિલ સ્કીમ, પુરવઠાની પ્રધાનમંત્રી ઉજ્જ્વલા યોજના, ઈ ગ્રામની ડીજીટલ ઈન્ડિયા પબ્લિક ઈન્ટરનેટ એસેસ પ્રોગ્રામ-પ્રોવાઈડીંગ કોમન સર્વિસ, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીની દિનદયાળ ઉપાધ્યાય ગ્રામીણ કૌશલ્ય યોજના, પ્રધાનમંત્રી આવાસ યોજના, સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ) યોજના, આયોજન, અને ભારત સંચાર નિગમ લીમીટેડની સંદેશ વ્યવહારની યોજનાઓ અંતર્ગત હાથ ધરાયેલી કામગીરીની વિસ્તૃત સમીક્ષા હાથ ધરવામા આવી હતી. ડાંગ જિલ્લા સેવા સદન ખાતે સાંસદ શ્રી ડો.કે.સી.પટેલના અધ્યક્ષ સ્થાને યોજાયેલી ડાંગ જિલ્લાની ડીસ્ટ્રીકટ ડેવલોપમેન્ટ કો-ઓર્ડીનેશન અને મોનીટરીંગ કમિટી (દિશા)ની સમીક્ષા બેઠકમા ડાંગ જિલ્લા પંચાયતના અધ્યક્ષા શ્રીમતી બીબીબેન ચૌધરી, ધારાસભ્ય શ્રી વિજયભાઈ પટેલ, કમિટી મેમ્બર એવા તાલુકા/ જિલ્લાના પદાધિકારીઓ, કલેકટર શ્રી એન.કે.ડામોર, જિલ્લા વિકાસ અડીકારી શ્રી એચ.કે.વઢવાણીયા, પોલીસ અધિક્ષક શ્રી રવીરાજસિંહજી જાડેજા, નાયબ વન સંવક્ષકો સર્વશ્રી અગ્નીશ્વર વ્યાસ, અને નીલેશ પંડ્યા, નિવાસી અધીક કલેકટર શ્રી ટી.કે.ડામોર, પ્રાયોજના વહીવટદાર શ્રી કે.જી.ભગોરા, પ્રાંત અધિકારી સુશ્રી કાજલ ગામીત સહિતના ઉચ્ચાધિકારીઓ, જુદા જુદા વિભાગોના અમલીકરણ અધિકારીઓ વિગેરેએ ઉપસ્થિત રહીને ચર્ચામા ભાગ લીધો હતો. બેઠકની કાર્યવાહી જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક શ્રી આર.બી.ચૌધરીએ સંભાળી હતી.

## કલરવ શાળા- ભરૂચ ખાતે વિશ્વ દિવ્યાંગ દિવસની ઉજવણી




### જિલ્લા સમાજ સુરક્ષા કચેરી - ભરૂચ ધ્વારા ઓનલાઈન વેબીનારનું આયોજન

કમલમ દૈનિક, ભરૂચ

જિલ્લા વહીવટીતંત્ર- ભરૂચ તથા જિલ્લા સમાજ સુરક્ષા કચેરી- ભરૂચના સંયુકત ઉપક્રમે કલરવ શાળા- ભરૂચ ખાતે આજે વિશ્વ દિવ્યાંગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ વેળાએ જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રી એ.વાય.મંડોરીએ દિવ્યાંગ કલ્યાણકારી યોજનાઓ વિશે વિસ્તૃત માહિતી પુરી પાડી હતી તેમજ દિવ્યાંગ લાભાર્થીઓને સાધન સહાય યોજના હેઠળ સિવણ મશીન, ગાર્ડીયનશીપ પ્રમાણપત્ર, યુ.ડી.આઈ.ડી કાર્ડ અને દિવ્યાંગ બસ પાસ યોજના હેઠળ બસ પાસ વિતરણ કરવામાં આવેલ હતા. આ કાર્યક્રમમાં કલેકટર કચેરી- ભરૂચની ચૂંટણી શાખાની ટીમ અને ભરૂચના મામલતદારશ્રી પી.ડી.પટેલ ખાસ ઉપસ્થિત રહયા હતા.તેઓશ્રીએ જણાવ્યું હતું કે ચૂંટણી પ્રક્રિયામાં દિવ્યાંગ મતદારો તેમના મતાધિકારથી વંચિત ન રહે તે માટે દિવ્યાંગ મતદારો માટે ચૂંટણી આયોગ ધ્વારા વ્હીલચેર અને સહાયક જેવી સુવિધાઓ પૂરી પાડવામાં આવે છે તથા જે દિવ્યાંગ વ્યકિત કે જેઓ ૧૮ થી ૨૧ વર્ષના છે અને તેમનું નામ મતદાતા તરીકે નોંધાયેલ ન હોય તો હાલમાં આ કાર્યક્રમ હેઠળ તેઓના નામ નોંધાવવા માટે અપીલ કરી હતી અને વિશ્વ દિવ્યાંગ દિવસની શુભેચ્છા પાઠવી હતી. આ કાર્યક્રમમાં કલરવ ટ્રસ્ટ - ભરૂચના સેક્રેટરી શ્રી નિલાબેન મોદી, જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રી એ.વાય.મંડોરી તથા તેમની ટીમ, જિલ્લા બાળ સુરક્ષા એકમ ભરૂચની ટીમ, એન.એ.બી- ભરૂચનાઉપપ્રમુખશ્રીવી.બી.છત્રીવાલા, અસ્મિતા વિકાસ કેન્દ્ર- ત્રાલસાના સેક્રેટરીશ્રી સમીરભાઈ પટેલ તથા કર્મચારીઓ અને ધ્વની ચેરીટેબલ ટ્રસ્ટ- ભરૂચ શાળાના આચાર્યશ્રી ગીતાબેન પારેખ ઉપસ્થિત રહયા હતા. વિશ્વ દિવ્યાંગ દિવસને અનુલક્ષીને જિલ્લા સમાજ સુરક્ષા કચેરી - ભરૂચ ધ્વારા ઓનલાઈન વેબીનારનું પણ આયોજન કરવામાં આવેલ હતું. જેમાં જિલ્લા કક્ષાના અધિકારીશ્રીઓ, જિલ્લાની દિવ્યાંગ કલ્યાણ સંસ્થાના પ્રતિનિધિઓ, કર્મચારીઓ તથા જિલ્લાના દિવ્યાંગ ભાઈ- બહેનોએ ભાગ લીધો હતો.






### કોરોના વેક્સીનની જિલ્લા સ્તરે આગોતરી તૈયારીઓ શરૂ

# જૂનાગઢ ખાતે કોવિડ-૧૯ ડિસ્ટ્રીક્ટ ટાસ્ક ફોર્સની બેઠક યોજાઈ

### ટ્રેઈની સ્ટાફ, કોલ્ડ ચેઈન જાળવવી-મેન પાવરનું સુચારૂ આયોજન આવશ્યક









કમલમ દૈનિક, જૂનાગઢ

કોરોના વૈશ્વિક મહામારીમાં પુખ્ત વયના લોકો માટે સૌથી મોટા કોરોના વેક્સીન અભિયાનનો પડકાર ઉભો થયો છે. આ પડકારને પહોંચી વળવા રાજ્ય સરકારની સૂચના તેમજ કેન્દ્ર સરકારની ગાઈડ લાઈન મુજબ રસી આપવા છેક નિચેના સ્તરે આગોતરૂ આયોજન આવશ્યક છે. જેના ભાગરૂપે જૂનાગઢ ખાતે કોવિડ-૧૯ ડિસ્ટ્રીકટ ટાસ્ક ફોર્સની બેઠક યોજવામાં આવી હતી.

જિલ્લા કલેકટર ડો.સૌરભ પારધીના અધ્યસ્થાને યોજાયેલ બેઠકમાં જિલ્લા પંચાયત પ્રમુખ સેજાભાઈ કરમટા, મ્યુ.કમિશ્નર તુષાર સુમેરા, જિલ્લા આરોગ્ય અધિકારી ડો.ચેતન મહેતા, ડો.ભાયા, ડો.ડેડાણીયા, ડો.સોલંકી, ડો.વ્યાસ ઉપરાંત જિલ્લાની સંલગ્ન કચેરીના અધિકારીઓ ડોકટરો ઉપસ્થિત રહ્યા હતા. બેઠકમાં કેન્દ્ર સરકારની માર્ગદર્શિકા મુજબ સૌ પ્રથમ હેલ્થ વર્કર, ડોક્ટરો સરકારી તેમજ ખાનગી પ્રેક્ટીશનરો ત્યારબાદ ફ્રન્ટલાઈન વર્કર તેમાં આર્મી, પોલીસ, હોમગાર્ડ તેમજ ૫૦ વર્ષના ઉપરના લોકોને કોરોના વેક્સીન આપવાનું આયોજન છે. આ આયોજનના અમલીકરણ માટે ટ્રેઈની સ્ટાફ, કોલ્ડ ચેઈનની જાળવણી, હયાત માળખાગત સુવિધા તેમા વધારો કરવો, ડેટાબેઝ તૈયાર કરવા જિલ્લા કલેક્ટર દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ડબલ્યુએચઓના પ્રતિનિધિ ડો.વિનયકુમારે આવા પાવર પોઈન્ટ પ્રેજન્ટેશનના માધ્યમથી જૂનાગઢ જિલ્લામાં સલામત રીતે વેક્સીનેશન કામગીરી નોડલ ઓફિસરોની નિમણૂંક, સોશ્યલ મીડીયા કે અન્ય રીતે રસી વિશે ફેલાવાતી અફવાઓ સામે કાર્યવાહી ક્રાઉડ મેનેજમેન્ટ, દરેક ગ્રામ્ય સ્તરે વેકસીન અંગે જાગૃતિ ઉપરાંત તાલુકા લેવલે બેઠકો કરી કોરોના વેક્સીનની અસરકારક કામગીરી અંગે માર્ગદર્શન આપ્યું હતું.

# જામનગરની ગુરૂ ગોવિંદસિંહજી સરકારી હોસ્પિટલના ૮૮ નર્સોએ કોરોનાને હરાવ્યો

કમલમ દૈનિક, જામનગર

દર્દીઓની સારવાર કરતાં ડોકટરોની સાથો સાથ કામ કરતી નર્સિંગ સ્ટાફ પણ મહત્વની કામગીરી કરતા હોય છે. માર્ચ-૨૦૨૦થી અત્યાર સુધીમાં જામનગરની ગુરૂ ગોવિંદસિંહજી સરકારી હોસ્પિટલમાં પણ કોરોનાની સારવાર કરતા નર્સો પૈકી ૮૮ નર્સિંગ સ્ટાફ કોરોના પોઝીટીવ આવ્યા હતા. આ સૌ નર્સો કોરોનાને હરાવીને ફરી કોરોનાગ્રસ્ત દર્દીઓના સારવારમાં લાગી ગયા છે. આ ૮૮ નર્સીસ સ્ટાફ પૈકી ગુરૂ ગોવિંદસિંહજી સરકારી હોસ્પિટલમાં કોવિડ હોસ્પિટલમાં ૨૩ નર્સિંગ સ્ટાફે સારવાર લઈને કોરોના મુકત બન્યા હતા. જે પૈકી બે નર્સોનું અવસાન થયું હતું. જે પૈકીના એક દર્દી કોરોનાગ્રસ્ત -પોઝીટીવ હતા અને અન્ય બીજા એક સસ્પેકટેડ (નેગેટિવ રિપોર્ટ)-કોરોનાના લક્ષણો ધરાવતા હતા. તેમ ગુરૂ ગોવિંદસિંહજી સરકારી હોસ્પિટલના આસીસ્ટંટ નર્સિંગ સુપ્રિન્ટેન્ડ ભાનુબેન રાઠોડે જણાવ્યું હતું. ભાનુબહેન પોતે પણ કોરોનાગ્રસ્ત બન્યા હતા. પોતાના અનુભવો વિશે કહેતા તેઓ કહે છે કે, નર્સની ફરજના ભાગરૂપે અમે કોરોનાના દર્દીઓની સાથે જ સારવાર માટે રહેતા હોઈએ છીએ. જેમાં મને પણ કોરોના લક્ષણો દેખાતા હું પણ કોરન્ટાઈન થઈ ઉત્તમ સરકારી સારવાર મેળવીને ફરી ફરજ ઉપર લાગી ગઈ છું. તો અન્ય એક કોરોના વોરિયર કપિલ વજાણી કે જેઓ પણ ગુરૂ ગોવિંદસિંહજી સરકારી હોસ્પિટલમાં છેલ્લા ૨૦ વર્ષથી સ્ટાફ નર્સ છે તેઓ માહિતી ખાતાની ટીમને કહે છે કે હું પણ કોરોનાના દર્દીનારાયણોની સેવા કરતા કરતાં ગયા સપ્ટેમ્બર માસમાં કોરોનાગ્રસ્ત બની ગયો હતો. અને આ જ હોસ્પિટલમાંથી સ્વસ્થ થઈ ફરી ફરજ બજાવી રહયો છું. આ હોસ્પિટલમાં શ્રેષ્ઠ ડોકટરોની ૨૪ કલાક સારવાર- નિરિક્ષણના કારણે હું ઝડપથી સાજો થઈ શકયો છે. જો મે ખાનગી હોસ્પિટલમાં કોરોનાની સારવાર લીધી હોત તો આવી સુંદર સારવાર મળી શકી હોત કે કેમ તે અકે સવાલ છે? સરકારી હોસ્પિટલમાં જે ઉત્તમકક્ષાની સારવાર-દવાઓ-ખોરાક-ઈન્જેકશન મને વિનામૂલ્યે મળ્યા હતા તે સારવાર માટે મારે ખાનગી હોસ્પટલમાં મોટી રકમ ચૂકવવી પડી હોત. અમારા કોરોના વોરિયરની શ્રેષ્ઠ સારવાર માટે હું અમારી આ હોસ્પિલના તબીબી અધિક્ષક ડો. દિપક તિવારી, ડો.હેમાંગ વસાવડા, ડો.અજય તન્ના, ડો.ધર્મેશ વસાવડા, ડો.અમરીશ મહેતા, ડો.એ.બી.અગ્રવાલ, અમારી નર્સિંગ સ્ટાફ, હેલ્પર વગેરેના આભારી છીએ. ગુરૂ ગોવિંદસિંહજી સરકારી હોસ્પિટલના નર્સિંગ સ્ટાફ એવા રેણુકા પરમાર તથા ભાવના રાવલ, સુમિત્રા રાઠોડ પણ કોરોનાને મ્હાત આપી કોરોના વોરિયર બન્યા હતા.

# અમદાવાદ પ્રાદેશિક માહિતી કચેરી ખાતે માહિતી પુસ્તિકાઓના વિતરણ માટે ખાસ ઝુંબેશ



કમલમ દૈનિક,

અમદાવાદ પ્રાદેશિક માહિતી કચેરી ખાતે વિભિન્ન માહિતી પુસ્તિકાઓના વિતરણ માટે ખાસ ઝુંબેશ શરુ કરવામાં આવી છે. રાજ્ય સરકારની યોજનાઓ, વિકાસકામોની વિગતો, પ્રજાલક્ષી નિર્ણયો સાંપ્રત ઘટનાઓ અને જાહેરનિતીની માહિતી જન-જન સુધી પહોચાડવાંમાં આ પુસ્તિકાઓ અગત્યની ભૂમિકા ભજવે છે. ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા તાજેતરમાં વિવિધ સંવર્ગની ભરતી પ્રક્રિયાની જાહેરાત કરવામાં આવી છે. રાજ્ય સરકારના માહિતી વિભાગ દ્વારા બહાર પડતુ કરંટ અફેર્સ મેગેઝીન સમાન 'ગુજરાત' પાક્ષિક સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરતા યુવાનોની પહેલી પસંદ હોય છે. આ ઉપરાંત વિભાગ દ્વારા પ્રકીર્ણ માહિતી પુસ્તિકાઓ પણ સમયાંતરે પ્રકાશિત કરવામાં આવે છે. ઉક્ત તમામ પ્રકાશનો માહિતી ખાતાની વેબસાઈટ www.gujaratinformation.net/publication પરથી સોફ્ટ કોપીમાં અને દરેક જિલ્લા માહિતી કચેરી ખાતેથી હાર્ડ કોપીમાં વિદ્યાર્થીઓ મેળવી શકે છે. અમદાવાદ પ્રાદેશિક માહિતી કચેરી ખાતે પુસ્તિકાઓના વિતરણ માટે વિશેષ વ્યવસ્થા ઊભી કરાઈ છે. જિલાના યુવાનોને સોશિયલ મિડિયામના માધ્યમથી આ બાબતે જાણ કરવામાં આવી છે. બહોળી સંખ્યામાં યુવાનો કચેરીએથી માહિતી પુસ્તિકાઓ મેળવી રહ્યા છે. પ્રવર્તમાન કોરોનાની પરિસ્થિતિને કારણે યુવાનો સોશિયલ ડિસ્ટન્સનું પાલન અને માસ્ક સાથે પુસ્તિકાઓ લેવા કતારબદ્ધ જોવા મળ્યા હતા.

# અરવલ્લી જિલ્લા સેવા સદન અને કલેક્ટર કચેરીએ લીફ્ટ બંધ રહેતા આવેદનપત્ર આપવા ગયેલા દિવ્યાંગો અટવાયા

## કલેક્ટરે લીફ્ટ તાત્કાલિક રિપેરિંગ કરવા ની તાકીદ કરી




કમલમ દૈનિક, અરવલ્લી


દિવ્યાંગ અધિકાર મંચ ગુજરાત પ્રદેશના નેજા હેઠળ અરવલ્લી જીલ્લાના દિવ્યાંગો જીલ્લા સેવાસદનમાં પ્રથમ મજલે આવેલી જીલ્લા કલેકટર કચેરીમાં કલેકટરને આવેદનપત્ર આપવા પહોંચ્યા હતા પરંતુ જીલ્લા સેવાસદન કચેરીમાં લીફ્ટ બંધ હોવાથી દિવ્યાંગો અટવાયા હતા ત્યારે અચાનક કોઈ કામકાજ અર્થે નીકળેલ જીલ્લા કલેકટર અમૃતેશ ઔરંગાબાદકરની નજર દિવ્યાંગો પર પડતા તેમની પાસે પહોંચી ગયા હતા અને જીલ્લા સેવાસદન પરિસરમાં નીચે જ દિવ્યાંગ લોકોનું આવેદનપત્ર સ્વીકારી બંધ હાલતમાં રહેલી લીફ્ટ તાત્કાલિક ધોરણે રીપેર કરવા અધિકારીઓને સૂચન કર્યું હતું.

અરવલ્લી જીલ્લાના દિવ્યાંગ અગ્રણી વૈશાલી નાયક અને અન્ય દિવ્યાંગોએ લોકોએ જીલ્લા કલેકટરને આવેદન પત્ર આપી જણાવ્યું હતું કે કોરોના મહામારીમાં દિવ્યાંગોની હાલત દયનિય બની છે દિવ્યાંગ લોકોને દર મહિને ૫ હજાર ની સહાય કરવામાં આવે તેમજ શારીરીક રીતે દિવ્યાંગ અને માનસિક રીતે સક્ષમ



લોકોને જીવનધોરણ ઊંચું લાવવા રોજગારી, સરકારી નોકરીમાં ભરતી, સરકારી સહાય દિવ્યાંગો સુધી પહોંચે તેવી માંગ કરાઈ હતી. જેમાં દિવ્યાંગોને બીપીએલ કાર્ડ માં સમાવેશ કરવા, દિવ્યાંગોને સરકારી ઓફિસમાં કાયમી ધોરણે પૂરા વેતનથી નોકરી આપવી, રોજગારી માટે લોન આપવી, રાજ્ય દિવ્યાંગ નિગમની રચના, પંચાયતથી પાર્લામેન્ટ સુધી દિવ્યાંગોને પ્રતિનિધિત્વ મળે તે માટે ખરડો, દિવ્યાંગોને દિવ્યાંગ પ્રમાણપત્ર સરળતાથી મળી શકે તેવી વ્યવસ્થા કરવા આવેદનપત્ર પાઠવ્યું હતું.






### કોરોનાના કપરા કાળમાં ઝાલોદની મહિલાઓની પ્રેરણાદાયી પહેલ

# અનલોકના સમયગાળા દરમિયાન કેન્ટિનની શરૂઆત કરીને આત્મનિર્ભર બનતી ખરોડ ગામની મહિલાઓ

### મિશન મંગલમ યોજના અંતર્ગત લોન મેળવીને ઝાલોદની મહિલાઓ કેન્ટિન ચલાવીને મહિનાના ત્રીસ હજારથી વધુની આવક મેળવે છે

કમલમ દૈનિક,

દાહોદ જિલ્લાના નાનકડા ગામની સાહસિક મહિલાઓની આજે વાત કરવાની છે. ઝાલોદના ખરોડ ગામની આ મહિલાઓએ લોકડાઉન બાદ અનલોકના તબક્કામાં રાજય સરકારની સહાયથી એક કેન્ટિનની શરૂઆત કરીને આર્થિક સ્વનિર્ભરતા હાંસલ કરી છે. જયારે તેમની આગેવાની કરી રહેલા લીલાબેન નિનામાની વાત તો ખૂબ જ પ્રેરણાદાયી છે. લીલાબેન ફક્ત ૨૯ વર્ષના છે. તેમના પતિ સચીનભાઈ ખાનગી કંપનીમાં નોકરી કરે છે. લીલાબેન ઘર પરિવારની જવાબદારી પણ સરસ રીતે નિભાવી રહ્યાં છે. તેમણે વિનયનમાં સ્નાતક સુધીનો અભ્યાસ કર્યો છે. ત્યાર બાદ બી.એડ.નો અભ્યાસ પૂર્ણ કરીને હાલમાં તેઓ શિક્ષણમાં પારંગતની ડિગ્રી માટે ઉચ્ચ અભ્યાસ કરી રહ્યાં છે. આ બધી જવાબદારીઓ નિભાવવા ઉપરાંત તેઓ મિશન મંગલમ યોજના હેઠળ સ્વસહાય જુથ છેલ્લા સાતેક વર્ષથી ચલાવી રહ્યાં છે. જય દશામા સખી મંડળના નામથી ખરોડ ગામની દસેક મહિલાઓનો સાથ લઈને તેમણે ત્રણેક મહિના અગાઉ જિલ્લા ઉદ્યોગ ભવન બહાર એક કેન્ટિનની શરૂઆત કરી છે. આ કેન્ટિનથી થઈ રહેલી આવકથી ખરોડ ગામની મહિલાઓ આર્થિક રીતે પગભર બની છે. લીલાબેન જણાવે છે કે, રાજય સરકારની મિશન મંગલમ યોજના હેઠળ અમારૂં સ્વસહાય જુથ છેલ્લા સાતેક વર્ષથી ચાલે છે. સરકારની યોજના અંતર્ગત અમને બેંકમાંથી રૂ. ૩ લાખની લોન મળી, જેમાં સરકાર તરફથી પાંચ ટકા વ્યાજ સહાય મળી રહ્યું છે. આ પૈસાથી અમે જય દશામાં સખી મંડળ કેન્ટિનની ત્રણેક મહિના પહેલા ઝાલોદ ખાતે આવેલા જિલ્લા ઉદ્યોગ ભવનની બહાર શરૂઆત કરી હતી. અમારા ગામની ૧૦ મહિલાઓ પણ આ મંડળમાં સામેલ છે અને રોજના બસો રૂ. ની હાજરી પ્રમાણે તેમને માસિક આવક મળે છે. કેન્ટિનની કુલ માસિક આવક ત્રીસ હજારથી પણ વધુની થાય છે. અમે ચા-નાસ્તો ઉપરાંત સાંજના એક સમયનું ભોજન પણ પુરૂ પાડીએ છીએ. સરકારે કરેલી લોન સહાયથી અમે આજે આર્થિક રીતે સ્વતંત્ર બન્યાં છીએ. રાજય સરકારની મિશન મંગલમ યોજના ગ્રામ્ય સ્તરે મહિલાઓના આર્થિક સશક્તિકરણનું માધ્યમ બની છે. સ્વસહાય જુથોની મદદથી મહિલાઓ સામાજિક રીતે સંગઠિત અને આર્થિક રીતે સ્વતંત્ર બની છે. દાહોદ જિલ્લામાં મિશન મંગલમ યોજના હેઠળ થઈ રહેલી કામગીરીથી મહિલાઓને વિકાસના નવા અવસર પ્રાપ્ત થયાં છે અને તેમની ક્ષમતાઓને નવી દિશા મળી છે. ખરોડ ગામની ઉદ્યમી મહિલાઓ સૌ કોઈ માટે પ્રેરણાદાયી બની છે

# આદિજાતિ વિકાસ રાજયમંત્રી રમણલાલ પાટકરના હસ્તે ઉમરગામ તાલુકાના મોહનગામ ખાતે રૂ.૧.૨૦ કરોડના ખર્ચે આંતરિક રસ્તાઓના નવીનીકરણનું ખાતમુહૂર્ત કરાયું




કમલમ દૈનિક, વલસાડ

વલસાડ જિલ્લાના ઉમરગામ તાલુકાના મોહનગામ ખાતે બ્રાહ્મણ ફળિયા, હોળી ફળિયા, પાલીધુંઆધ ધનવા ફળિયાને જોડતા રૂા.૧.૨૦ કરોડના ખર્ચે નવીનીકરણ થનારા વિવિધ ૬.૫ કિ.મી.ના રસ્તાઓનાં ખાતમુહૂર્ત વન અને આદિજાતિ વિકાસ વિભાગના રાજયકક્ષાના મંત્રી રમણલાલ પાટકરના વરદ હસ્તે કરાયું હતું. આ અવસરે આદિજાતિ વિકાસ રાજ્ય મંત્રી રમણલાલ પાટકરે જણાવ?યું હતું કે, લોકોની અપેક્ષાઓને પૂર્ણ કરવા રસ્તા, પાણી, પેવર બ્લોક વગેરે કામો સત્વરે પૂર્ણ થાય એ પ્રકારનું રાજ્ય સરકારે સુચારુ આયોજન કર્યું છે. ગામમાં બનાવવામાં આવનારા તમામ રસ્તાઓની કામગીરી યોગ્ય રીતે થાય તે માટે ગ્રામજનો તકેદારી રાખે તે જરૂરી છે. મંત્રીશ્રીએ મોહનગામમાં થનારા વિકાસકાયાની જાણકારી આપતાં વધુમાં જણાવ્યું હતું કે, વલસાડ જિલ્લામાં છ હજાર સાતસો અવાસો મંજૂર કરાયા છે. સૌને સાથ સૌનો વિકાસ સૂત્રને વરેલી સરકારે દરેક ગામોમાં પાયાકીય સુવિધાઓ ઉપલબ્ધ બનાવી છે, આ સુવિધાનોની જાળવણી કરવાની જવાબદારી પ્રજાજનો નિભાવે તે જરૂરી છે. નળથી જળ યોજના હેઠળ ઘરે-ઘરે નળથી પાણી આપવામાં આવશે. વિધવા પેન્શન યોજના હેઠળ તમામ લાભાર્થીઓને લાભ સત્વરે મળી જાય તે માટે વિશેષ વ્યવસ્થા કરી છે. સખીમંડળોને એક લાખ રૂપિયા સુધીની લોન, સાત પગલાં ખેડૂત કલ્યાણના હેઠળ ખેડૂતલક્ષી સાત યોજનાઓના અમલીકરણ થકી સૌને આત્મર્નિભર બનાવવાના પ્રયાસો હાથ ધરાયા છે. કોરોના મહામારી સામે રક્ષણ મેળવવા રાજય અને કેન્દ્ર સરકારની માર્ગદર્શિકાનું પાલન કરવા તેમજ લગ્ન સમારંભો પણ સાદગીથી પૂરતી કાળજી રાખી કરવા જણાવ?યું હતું. મોહનગામના સરપંચ સતીષભાઈએ સ્વાગત પ્રવચનમાં સૌને આવકારી ગામમાં થયેલા વિકાસ કાર્યોની રૂપરેખા આપી હતી. આ અવસરે અગ્રણી મુકેશભાઈ પટેલે પ્રાસંગિક ઉદબોધન કર્યું હતું. આ ખાતમુહૂર્ત કાર્યક્રમમાં માર્ગ અને મકાન વિભાગના નાયબ કાર્યપાલક ઈજનેર તેજસ પટેલ, ગામના સરપંચ સતિષભાઈ, માજી સરપંચ ચિન્તુભાઈ, ઉમરગામ તાલુકા અગ્રણી પ્રકાશભાઈ પટેલ, રામદાસભાઈ વરઠા, ગામ અગ્રણી નીતિનભાઈ ગુરુજી, અજયભાઈ, અશોકભાઈ સહિત ગ્રામજનો હાજર રહયા હતા.

# દાહોદ શહેરના પીંજારા વાળમાં ખેલાયો ખૂની ખેલ




કમલમ દૈનિક,

દાહોદ શહેરના પીંજારા વાળમાં ખેલાયો ખૂની ખેલ કાકા નજીવી બાબતે ભત્રીજાની ચાકુ ના જીવલેણ ઘા કરી હત્યા કરતા ચકચાર એક મહિલા સહિત બે વખતે ઘાયલ. દાહોદ શહેરના કસ્બા વિસ્તારમાં પિંજર વાડી ખાતે આજે વહેલી સવારે એક પરિવાર માં માતમ છવાઈ ગયું હતું એક જ પરિવારમાં રહેતા કાકા અને ભત્રીજા વચ્ચે કોઈ મિલકત અને સંબંધોમાં અવારનવાર ઝઘડા ન બોલ ચાલ હતી એ આજરોજ આ ઝઘડાએ ઉગ્ર સ્વરૂપ ધારણ કરતા કાકા અને ભત્રીજા ઉપર ચાકુ નો ઘા ઝીંકીને એકબીજાને જાગ ઈજા પહોંચાડી સારવાર અંતે દાહોદ ની જે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો.અને મહિલાને કોઈ ગાડી ન મળતા સરકારી પોલીસની વાન દ્વારા તાત્કાલિક હોસ્પિટલ પહોચાડવામાં આવી અને પોલીસે આગળની કરો હાથ ધરી છે

•Printer/Publisher/Owner & Editor : Mahesh N. Patel. •Printed At :-PAVANPUTRA OFFSET G.I.D.C.,SECTOR-28GANDHINAGAR, GUJARAT- 382028 •Published at A-3, Plot no R-13, Tanishq complex, New greencity, Sector -26, Gandhinagar (gujarat) 382028